## વિષય - ગણિત   ૪. ટીક ટીક

❖ અધ્યયન નિષ્પતિઃ-૧. સમયના નાના મોટા એકમો વિશે જાણે અને જરૂરી પરિસ્થિતિમાં તેનો ઉપયોગ કરી શકે ઘડિયાળનો ઉપયોગ કરીને સમયને કલાક અને મીનીટમાં માં યોગ્ય રીતે વાંચે છે. a.m અને p.m માં વ્યક્ત કરે છે.

૨. ૧૨ કલાકના ઘડિયાળ સાથે સંબધિત સમય ૨૪ કલાકની ઘડિયાળના સંદર્ભ માં દર્શાવે છે.

૩. સમયના સંદર્ભમાં કેલેન્ડર સમજે.

૪. અગાઉની અથવા આગામી પરિચિત દૈનિક જીવનની ઘટનાઓ ના સમયગાળાની સમયની સરવાળા અને બાદબાકીનો ઉપયોગ કરીને ગણતરી કરે છે.

૫. રોજિંદા જીવનની આગળ પાછળ ઘટનાઓના સમયગાળા વિશે સમજે અને ક્રમ આપે

**પ્રશ્ન- ૧. નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(૧) ઘડિયાળમાં મિનિટ કાંટો ‘૧’ થી શરૂ થઇ પાછો ‘૧’ સુધી આવતા કેટલો સમય લાગે ?..........................

(અ) ૩૦ મિનિટ (બ) ૧ મિનિટ (ક) ૧૦ મિનિટ (ડ) ૬૦ મિનિટ

(૨) તા- ૮/૬/૨૦૧૯ ને બીજી રીતે ..........................................................લખાય.

(અ) ૮ મે ૨૦૧૯ (બ) ૮ જુલાઇ ૨૦૧૯ (ક) ૮ જૂન ૨૦૧૯ (ડ) ૮ માર્ચ ૨૦૧૯

(૩) ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૯ ને બીજી કઇ રીતે લખાય ?..................................................

(અ) ૧૫/૯/૨૦૧૯ (બ) ૧૫/૧૦/૨૦૧૯ (ક) ૧૫/૦૭/૨૦૧૯ ૧૫/૦૧/૨૦૧૯

(૪) ઉનાળુ વેકેશન તા- ૦૫/૦૫/૨૦૧૯ થી તા- ૦૯/૦૬/૨૦૧૯ સુધી છે તો બાળકોને કેટલા દિવસની રજાઓ મળશે ? ...................


(અ) ૩૩ દિવસ (બ) ૩૪ દિવસ (ક) ૩૦ દિવસ (ડ) ૩૫ દિવસ

(૫) શરદીની દવાની બોટલ પર ઉત્પાદનની તારીખ ૧૧ ઓગષ્ટ ૨૦૧૮ છે અને સમાપ્તિની તારીખ ૧૧ ઓક્ટોબર ૨૦૨૦ છે, તો શરદીની દવા કેટલા વર્ષ અને મહિના ઉપયાગમાં લઇ શકાય ?..........................

(અ) બે વર્ષ એક મહિનો (બ) બે વર્ષ બે મહિના (ક) એક વર્ષ બે મહિના (ડ) એક વર્ષ એક મહિનો

(૬) ૧૨ કલાકની ઘડિયાળમાં બપોરના ૨:૦૦ કલાક વાગ્યા હોય તો, ૨૪ કલાકની ઘડિયાળમાં કેટલો સમય હોય?......

(અ) ૧૩: ૦૦ કલાક (બ) ૨૦: ૦૦ કલાક (ક) ૧૫: ૦૦ કલાક (ડ) ૧૪: ૦૦ કલાક

(૭)  આપેલ ચિત્રને આધારે કહો કે મિનિટ કાંટાને ખસતા કેટલો સમય લાગશે ?.........................................

(અ) ૩૦ મિનિટ (બ) ૨૫ મિનિટ (ક) ૩૫ મિનિટ (ડ) ૪૫ મિનિટ


(૮) નીચે આપેલા પ્રાણીઓમાં કયા પ્રાણીનો વિકાસ ઝડપથી થશે ?............................


(અ) હાથી (બ) મરઘી (ક) ગાય (ડ) માણસ


(૯) ઘડિયાળમાં કલાક કાંટોને ‘૨’ થી ‘૩’ સુધી આવતા કેટલો સમય લાગે ?...........................


(અ) ૬૦ મિનિટ (બ) ૨૦ મિનિટ (ક) ૩૦ મિનિટ (ડ) ૧ મિનિટ


**પ્રશ્ન-૨. આપેલા સમય પ્રમાણે ઘડિયાળમાં કાંટા દોરો.**



૪ :૦૦



૨ :૩૦



૧૦:૪૫


૯ :૨૦



૧૨:૦૦



૮ :૩૫



૩ :૪૦



૧૦ :૧૦

**પ્રશ્ન-૩. ઘડિયાળમાં જોઇને સમય લખો.**









**પ્રશ્ન-૪. નીચેના કોયડા ઉકેલો.**

(૧) જીનલે રાત્રે ૮:૦૦ વાગ્યાથી ૯:૪૫ વાગ્યા સુધી ગૃહકાર્ય કર્યુ, તો તેણીએ કેટલો સમય ગૃહકાર્ય કર્યુ ?

(૨) મુકેશની શાળાનો સમય ૧૦:૩૦ વાગ્યાનો છે, પણ આજે તે ૧૦:૫૦ વાગ્યે શાળામાં પહોંચ્યો તો તે શાળામાં સમયસર પહોંચવામાં કેટલી મિનિટ મોડો પડયો ?

(૩) ટ્રેનનો ઉપડવાનો સમય ૬:૧૫ a.m છે. ટપુ રેલ્વે સ્ટેશને ૬:૦૦ p.m પહોંચે છે. તો ટપુ ટ્રેનમાં મુસાફરી કરી શકશે કે ટ્રેન ચૂકી જશે ?

(૪) શાળામાં દિવાળી વેકેશન ૨૫ ઓક્ટોબર થી શરૂ થાય છે. દિવાળી વેકેશન ૨૧ દિવસનું હોય તો શાળા કઇ તારીખે શરૂ થશે ?

| | |
|---|---|
| (૫) વડોદરાથી ૮:૦૦ કલાકે ઉપડેલી બસ સાપુતારા ૨:૧૫ કલાકે પહોંચે તો વડોદરાથી સાપુતારા પહોંચતા કેટલો સમય થાય ? | (૬) નિષ્ઠાએ ૨૦:૪૫ થી ટી.વી જોવાનુ શરૂ કર્યુ. તેણીએ ૪૫ મિનિટ ટી.વી જોયું તો તેણીએ કેટલા વાગ્યા સુધી ટી.વી જોયું હશે ? |

પ્રશ્ન-૫. નીચે આપેલી માહિતીને આધારે પ્રશ્નોના જવાબ આપો.

૦૨ માર્ચ ૨૦૧૫
મુન્નીનો જન્મ થયો.

૧૫ સપ્ટેમ્બર ૨૦૧૫
મુન્નીને પહેલો દાંત આવ્યો.

૨૦ નવેમ્બર ૨૦૧૫
મુન્ની ભાખોડિયાં ભરતી થઇ.

૧૦ નવેમ્બર ૨૦૧૫
મુન્ની બેસતાં શીખી

૦૫ જાન્યુઆરી ૨૦૧૬
મુન્ની ઊભા રહેતી શીખી

૦૨ સપ્ટેમ્બર ૨૦૧૫
મુન્નીએ પહેલી વાર કેળું ખાધું

૦૫ ફેબ્રુઆરી ૨૦૧૬
મુન્નીએ ચાલવાનું શરૂ કર્યુ.

(૧) મુન્ની બેસતાં શીખી ત્યારે કેટલા મહિનાની હતી ?...........................................

(૨) મુન્ની ભાખોડિયાં ભરતી થઇ ત્યારે કેટલા મહિનાની હતી? માર્ચથી નવેમ્બર સુધી કેટલા મહિના પસાર થયા હશે ? ...........................................................................................................................................

(૩) મુન્નીએ ચાલવાનું શરૂ કર્યુ ત્યારે કેટલા મહિનાની હતી ?.......................................................

(૪) મુન્નીએ સૌથી પહેલા શું કર્યુ ?.................................................

(અ) બેસતાં શીખી (બ) પહેલી વાર કેળું ખાધું (ક) ચાલવાનું શરૂ કર્યું (ડ) ઊભા રહેતી શીખી.

(૫) મુન્નીને દાંત આવ્યો ત્યારે તેની ઉંમર કેટલી હતી ?.......................................

(૬) મુન્નીના જીવનકાળને યોગ્ય ક્રમમાં ગાઠવો.

૦૨/૩/૨૦૧૫
જન્મ થયો

પ્રશ્ન-૬. ૧૨ કલાકની ઘડિયાળના સમયને ૨૪ કલાકની ઘડિયાળમાં લખો.

(૧) બપોરના ૧ :૦૦ કલાક - ................................ (૨) સાંજના ૫:૩૦ કલાક - ..............................

(૩) રાત્રિના ૮ :૦૦ કલાક - ................................ (૪) રાત્રિના ૧૦:૧૫ કલાક - .............................